| | |
|---|---|
| કેસ રજુ તા. | ૦૭/૦૧/૨૦૧૯ |
| કેસ દાખલ તા. | ૦૭/૦૧/૨૦૧૯ |
| કેસ ફેંસલ તા. | ૨૩/૦૪/૨૦૨૧ |
| અવધિઃ ૦૨ વર્ષ ૦૩ માસ ૧૬ દિવસ | |

**મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટૅ કલાસ સાહેબની કોટૅમાં, મુ. વલ્લભીપુર.**

ફો.કે.નં.૦૧/૨૦૧૯
આંક :-

ફરિયાદી : શ્રી સ ર કા ર

**વિરુદધ**

આરોપીઓ : (૧) કુલદિપસિંહ વિજયસિંહ જાડેજા ઉ.વ.ર૬
રહે.તળાજા નોકરીયાત સોસાયટી,
તળાજા,જી.ભાવનગર.

(૨) રાજુભાઈ ભાવસંગભાઈ મોરી ઉ.વ.33
રહે. હાલ તળાજા ગાત્રડની વાડી,
રૈવતસિંહ કુકડના મકાનમાં, તા.તળાજા,
જી.ભાવનગર.

**ગુન્હો :-** પ્રોહી એક્ટ કલમ- ૬૫(એ)(ઈ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ.

................................................................................

ફરિયાદ પક્ષે : વિ.એ.પી.પી.શ્રી પી.એન.પરમાર
બચાવ પક્ષે : વિ.વ.શ્રી. એમ.એચ.પઠાણ

................................................................................

**" ઠ રા વ "**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી સામે પ્રોહીબીશન એક્ટની કલમ- ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧,૯૮(૨) મુજબ ગેરકાયદેસર વગર પાસ પરમીટે પોતાના કબજામાં ઈન્ગ્લીશ દારુ તથા બીયરના ટીન વેચાણ કરવાના ઈરાદે રાખી ગુન્હો કર્યાંનો આક્ષેપ છે.

(૨) આરોપીઓ સામે ચાર્જશીટ રજુ થતાં અને આરોપીઓને સમન્સ ધારાસર બજી

જતાં મુદતે કોર્ટમાં હાજર થયેલ. તેઓને ક્રિ.પ્રો.કોડ કલમ-૨૦૭ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ, અત્રેની કોર્ટથી આરોપીઓ સામે આંક-૮ થી તહોમતનામું ફરમાવી, ગુન્હા અંગે સમજ આપી આંક-૯ અને ૧૦ મુજબ નિવેદન લેવામાં આવતાં આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ છે જેથી કેસ ફરિયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ, કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ અને ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) સદરહું ગુન્હાના આક્ષેપો સાબિત કરવા માટે ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો</u>**

| અ.નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | પંચસાહેદ ભુપતભાઈ કાનજીભાઈ બારૈયાની જુબાની | ૧૨ |
| ૨. | પંચનામું | ૧૩ |
| ૩. | પંચસાહેદ ગોરધનભાઈ નાનુભાઈ દેથળીયાની જુબાની | ૧૪ |
| ૪. | ફરીયાદી નિતિનભાઈ કનુભાઈ ખટાણાની જુબાની | ૧૭ |
| ૫. | ફરીયાદીની ફરીયાદ | ૧૮ |
| ૬. | પંચસાહેદ હર્ષદભાઈ નાનાભાઈ બાટીની જુબાની | ૧૯ |
| ૭. | અટક પંચનામું | ૨૦ |
| ૮. | પંચસાહેદ પરેશભાઈ હમજીભાઈ ચુડાસમાની જુબાની | ૨૧ |

**<u>સી.આર.પી.સી.કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન ,</u>**

(૪) આ કામે ફરિયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષના ઉપરોકત પડેલા પુરાવાઓ અંગે આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન લેવાનું જરુરી જણાતું ના હોઈ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ સરકાર તરફે વિદવાન એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિદવાન વકીલશ્રીની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી ફરીયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-- મુદ્દાઓ--**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, બનાવ તારીખે સમયે અને સ્થળે આરોપીઓએ ફરિયાદમાં જણાવેલ માત્રામાં ઈન્ગ્લીશ દારુ તથા બીયરના ટીન પોતાના કબજામાં રાખી, પ્રોહીબીશન એક્ટની કલમ- ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે. ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ નકારાત્મક

મુદ્દા નં. ૨ આખરી હુકમ મુજબ

**-::- <u>નિર્ણયો અંગેના કા ર ણો</u> -::-**

(૭) પુરાવાનું મૂલ્યાંકન કરતા અગાઉ નામદાર સુપ્રિમકોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો ધ્યાને લેતા, જે નીચે મુજબ છે.

નામદાર સુપ્રિમકોર્ટના <u>ભગવાનસિંહ</u> વિ. સ્ટેટ ઓફ રાજસ્થાનના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો જોતા, *“An infermity arising from investigation by a Head constable who was himself the person to whom the bribe was alleged to have been offered and who lodged the first information report as informent or complenent. This is an infermity witch is bound to reflect on the credibilty of the prosecution case.”*

નામદાર ગુજરાત હાઈકોર્ટના દિલીપ સુરેશ સાસી વિ. સ્ટેટ ઓફ ગુજરાત રાજ્યના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો જોતા, " *(1) Panch witnesses have not supported the prosecution and thereby recovery from the given place is not proved. (2) There is no independent witness except complainant, who is Police Officer stating that liquor was seized from the given place during raid. (3) Presumption u/s.116B is not proper inasmuch as there is no proof and evidence on record either regarding actual possession of seized liquor from the applicant or quality and quantity of liquor alleged to be seized and even there is no confirmation about the ownership of the place by the applicant, so as to connect the applicant with the place and seizure itself.* "

નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. યાદવેન્દ્રસીગ સરદારીગ સુરજીતસીગ જાટ અને બીજા જી.એલ.આર. ૨૦૧૬(૪) પેજ નં.૩૧૫૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો જોતા,*"On perusal of entire evidence on record, this Court finds that while P.S.I. received secret information, then, he could ot*

*have carried out all the investigations as regards carrying out raid, lodging complaint, carrying out all the investigation and even filing of charge-sheet. In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and bases upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration."*

(૮) 1996(3) ક્રાઈમ પેજ નં.૮૫ સતીશ મહેરા વિરુધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશનના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો આ ચુકાદા મુજબ જ્યારે મહત્વના સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવામાં ફોર્મોલીટી પુરી કરવી જરુરી નથી.

(૯) રેકર્ડ પર રજુ થયેલ પુરાવો કાયદાની જોગવાઈ તથા નામદાર એપેક્ષ કોર્ટમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને રાખીએ તો,

**પંચસાહેદો તથા પંચનામું :-**

આ કામે આંક-૧૩ થી રજુ મુદ્દામાલ રીકવરી પંચનામાના પંચસાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે જે પંચસાહેદો પંચનામામાં પોતાની સહી સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન કરેલ નથી. સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ ઉપરોક્ત પંચોની પરવાનગીથી ઉલટ તપાસ કરેલ તેમ છતાં ફરીયાદપક્ષ કોઈ જ ફળદાયી હકીકત મેળવી શકેલ નથી. આમ,પ્રોહીબીશનના ગુન્હામાં જે મુદ્દામાલ આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ છે તે મુદ્દામાલના પંચો નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ અતિ મહત્વના છે. જ્યારે આ કામના પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી જેથી આરોપીઓના પ્રત્યક્ષ કબજામાંથી પ્રોહી મુદ્દામાલ મળી આવેલ છે તેવું પુરવાર થતું નથી.

સદર કામે આંક-૧૭ થી ફરીયાદીને તપાસેલા છે. જેઓ પોલીસ સાહેદ છે. તેઓએ પોતાની ફરજની રુએ કરેલ કાર્યવાહી અને ફરીયાદની હકીકતોને સમર્થન કરેલ છે. પરંતુ પંચસાહેદો છે તે જ પ્રોસીક્યુશનના કેસને સમર્થન કરતા નથી જેથી ઉપરોક્ત જણાવ્યા મુજબ નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા જ્યારે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ છે તે બાબતે પંચો સમર્થનકર્તા ન હોય તો પોલીસ સાહેદોના પુરાવાને માની શકાય નહી. મુદ્દામાલ રીકવરી આરોપી પાસેથી થયેલ છે તે પુરવાર થતું નથી અને કોઈ સ્વતંત્ર સાહેદ પોલીસ

સાહેદને સમર્થન કરતા ના હોય તો પોલીસ સાહેદનો પુરાવો માનવો જોખમ ભરેલ છે. એ નોંધવું આવશ્યક છે કે, પોલીસ સાહેદોના પુરાવાને હું નકારતો નથી પરંતુ પોલીસ સાહેદોના પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદો અથવા રીકવરી ડીસ્કવરી પંચોનો પુરાવો સમર્થનકારક હોવો જરુરી છે ફક્ત પોલીસ સાહેદોના નિવેદન ઉપરથી અને ફરીયાદ ઉપરથી તકસીરવાન ઠરાવી શકાય નહી.

ઉપરોક્ત નામદાર સુપ્રિમકોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો ધ્યાને લેતા આ કામે પંચસાહેદ એ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી, મુદ્દામાલ જે જગ્યાએથી કબજે કરવામાં આવેલ તે જગ્યાનું પંચનામું પુરવાર થતું નથી મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ છે તે બાબતે પણ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી આરોપીઓની પ્રત્યક્ષ સંડોવણી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ઠરાવું છું.

(( હુ ક મ ))

- આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે, પ્રોહિ એક્ટની કલમ- ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧,૯૮(૨) મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- કબજે કરેલ પ્રોહીબીટેડ મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો જો પ્રોહીબીટેડ મુદ્દામાલ સિવાયનો કીમત ઉપજાવે તેવો હોય અને અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ ન હોય તો તેને સરકાર ખાતે ખાલસા કરવો અને જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તેને કાયમ રાખવામાં આવે છે.
- આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) અન્વયે અપીલ પીરીયડ સુધી જામીન તથા જામીનખત ચાલુ રાખવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૩મી, માહે-એપ્રિલ, સને-૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૪/૨૦૨૧

વલ્લભીપુર.

(ઘનશ્યામસિંહ ચંન્દ્રસિંહ વાઘેલા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
વલ્લભીપુર
કોડ નં. જીજે૦૧૩૭૩

( આર.સી.પારેખ )